ક્રમાંક :- જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
વિતરણ/પોલીસી/૨૪(૩)/ ૦૯
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. ૧૯/૦૬/૨૦૧૪

// પરિપત્ર //

વિષય:- નિગમના કર્મચારી /અધિકારીઓને રહેણાંક પ્લોટ ફાળવવાની નીતિ બાબત

સંદર્ભ:-(૧) પરિપત્ર ક્રમાંક:જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/એચએન્ડએ/પીઓએલ/૬૫/૨૦૦૪/૨૩, તા. ૨૮/૦૯/૨૦૦૪.

(૨) પરિપત્ર ક્રમાંક : જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/એચએન્ડએ/પોલિસી/૬૫/૨૦૦૪/૧૮, તા. ૨૨/૦૬/૨૦૦૭.

(૩) પરિપત્ર ક્રમાંક : જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલિસી/૧૫/૦૮, તા. ૧૮/૦૨/૨૦૧૦.

(૪) નિગમની સભા તા.૧૬/૧૨/૨૦૧૩ માં પસાર થયેલ ઠરાવ ક્રમાંક: ૧૪૫/વિતરણ/૪૭૫/૨૦૧૩.

(૫) પરિપત્ર ક્રમાંક : જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલિસી/૨૪(૩), તા. ૩૧/૦૧/૨૦૧૪.

(૬) નિગમની સભા તા.૧૬/૧૨/૨૦૧૩ માં પસાર થયેલ ઠરાવ ક્રમાંક : સુધારા ઠરાવ ક્રમાંક : વિતરણ/૪૭૫/૨૦૧૩.

ઉપરોક્ત સંદર્ભ-૬ થી નિગમ ધ્વારા પસાર કરવામાં આવેલ સુધારા ઠરાવ અનુસાર નિગમના કર્મચારી/ અધિકારીઓને રહેણાંક પ્લોટની ફાળવણી કરવા બાબતે નક્કી થયા મુજબ ગાંધીનગર ઔદ્યોગિક વસાહત માટે લાયકાત ધરાવતા કર્મચારી/અધિકારીઓ તમામ માટે ૯૦ ચો.મી. ની મર્યાદામાં ફાળવણી અંગે નિર્ણય કરવામાં આવેલ. પરંતુ સંદર્ભ-૪ અંગેના ઠરાવમાં ગાંધીનગરના રહેણાંક પ્લોટ અંગેની સ્પષ્ટતાનો ઉલ્લેખ રહી ગયેલ. તે અંગેનો સુધારા ઠરાવ સંદર્ભ-૬ થી મંજૂર કરવામાં આવેલ. જેને આધારે નીચે પ્રમાણે સુધારો સંદર્ભ-૫ ના પરિપત્રમાં અંશત: સુધારો કરેલ છે. અન્ય બાબતો યથાવત રાખી નીચે પ્રમાણેનો સુધારો કરવામાં આવે છે.

કર્મચારી/ અધિકારીઓએ નિગમ ધ્વારા કરેલ તા. ૧૫/૦૭/૨૦૦૭ સુધીમાં રહેણાંક પ્લોટ બાબતે અરજી કરેલ હોય અને તેઓ રહેણાંક પ્લોટ મેળવવાની પાત્રતા શરતો પૂર્ણ કરતાં હોય તો તેઓને ઉપલબ્ધ જમીનના પ્રમાણમાં પ્લોટની ફાળવણી કરવાની રહેશે. તેમાં ગાંધીનગર ઔદ્યોગિક વસાહતમાં રહેણાંક પ્લોટની માંગણી કરનાર તથા નિગમની નીતિ મુજબ લાયકાત ધરાવતા તમામ કર્મચારી/ અધિકારીઓ માટે ફાળવણીની મર્યાદા ૯૦ ચો.મી. રાખવાની રહેશે.

આ ઉપરાંત રહેણાંક પ્લોટ ઉપરોક્ત સંદર્ભદર્શિત ક્રમાંક : ૫ ના પરિપત્ર માં દર્શાવેલ તારીખ ૩૧/૦૧/૨૦૧૪ ના બદલે તા. ૧૫/૦૭/૨૦૧૪ ને વંચાણે લેવી.

ઉપરોક્ત પરિપત્ર મળ્યા અંગેની પહોંચ તમામ ક્ષેત્રિય કચેરીના વિતરણ અધિકારીશ્રીએ કાર્યપાલક નિયામકશ્રી વિતરણને નામ જોગ પત્ર ધ્વારા પાઠવવાની રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.......જાણ સારૂ.

<u>નકલ જયભારત સહ રવાના:</u>

- પ્રમુખશ્રી,ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન અમદાવાદ........ તરફ જાણ સારૂ.
- પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો................. તરફ જાણ સારૂ.
- મેનેજરશ્રી (એસ.એન્ડએ.), જીઆઇડીસી, ગાંધીનગર.....નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યુ
(સહી)
જનરલ મેનેજર (ઈએન્ડએ)

TO
PROGRAMEER

**<u>નિગમના કર્મચારી અધિકારીઓને રહેણાંક પ્લોટ ફાળવવાની નીતિ બાબતે જારી કરવામાં આવેલ પરિપત્ર સાથે જોડવામાં આવેલ પરિપત્રના અન્વયે મોકલવાની દરખાસ્ત અંગેની સ્પષ્ટતા સારૂ નોંધ:–</u>**

નિગમના કર્મચારી/અધિકારીઓને રહેણાંક પ્લોટ ફાળવવા બાબતના નિગમની ૪૭૫ણ મી સભામાં મંજુર કરવામાં આવેલ ઠરાવના અમલવાળી માટે નીચે મુજબની કાર્યવાહી ક્ષેત્રિય કચેરી ધ્વારા હાથ ધરવાની રહેશે.

(૧) જે કિસ્સાઓમાં નિગમના કર્મચારી/અધિકારી ધ્વારા નિગમની સેવામાં હોય અને નિયત સમય મર્યાદામાં રહેણાંક પ્લોટની અરજી કરેલ હોય પરંતુ રહેણાંક પ્લોટ અંગે તે સમયે કોઈ નિર્ણય થઈ શકેલ ન હોય તેવા કિસ્સાઓમાં ઉપલબ્ધ જમીનના આધારે નિર્ણય કરવાનો રહેશે.

(૨) જો કોઈ કર્મચારી/અધિકારી સામે ખાતાકીય તપાસની કાર્યવાહી ચાલતી હોવાથી તેઓની પ્લોટની ફાળવણી કરવામાં આવેલ ન હોય અને ખાતાકીય તપાસ પૂર્ણ થઈ ગયેલ હોય અને ત્યારબાદ વય નિવૃત્ત થયેલ હોય અને રહેણાંકના પ્લોટ મેળવ્યા વગર વય નિવૃત્ત થઈ ગયેલ હોય.

(૩) રહેણાંક વિસ્તારના ૨૦% ના વિસ્તારોમાં કેટલીક વસાહતોમાં ફાળવણી પૂર્ણ થઈ ચુકેલ હોય, ત્યાં પણ કર્મચારી/અધિકારીઓની અરજી પડતર રહેલ હોય.

(૪) કોર્ટ કેસના કારણે ફાળવણીનો નિર્ણય લેવો જરૂરી હોય.

રહેણાંક પ્લોટ ફાળવણી શકાયેલ ન હોય તેવા કિસ્સાઓમાં જે તે કર્મચારી /અધિકારીઓને રહેણાંક પ્લોટની ફાળવણી કરવાની રહેશે તેમાં;

(અ) અવસાન પામેલ

(બ) બરતરફ કરવામાં આવેલ

(ક) જે કર્મચારી/અધિકારી ધ્વારા નિગમની નીતિ મુજબ અરજી કરવામાં આવેલ ન હોય તેમજ જરૂરી ફી પણ ભરપાઈ કરેલ ન હોય

(ડ) કર્મચારી/અધિકારીશ્રી ધ્વારા રહેણાંક પ્લોટની અરજી સાથે ભરવામાં આવેલ ડીપોઝીટની રકમ પરત લેવામાં આવેલ હોય અથવા ક્ષેત્રિય કચેરી ધ્વારા આ રકમ પરત કરી દેવામાં આવેલ હોય

(ઈ) કર્મચારી/અધિકારીશ્રીની રહેણાંક પ્લોટની માંગણીને ઉપરોકત કોઈ કારણોસર ક્ષેત્રિય કચેરી ધ્વારા દફતરે કરવામાં આવેલ હોય

આમ ઉપરોકત કિસ્સાઓમાં ફાળવણી માટેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે નહી.

જયારે અન્ય કિસ્સાઓમાં નિગમના પરિપત્રમાં દર્શાવેલ નીતિ અન્વયેની તમામ પૂર્તતા થયેલ હોય તેવા નીચેના કિસ્સાઓમાં ફાળવણીની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે. જેમાં;

(અ) રાજીનામાના કિસ્સામાં

(બ) વય નિવૃત્તિના કિસ્સામાં

(ક) સ્વૈચ્છિક નિવૃત્તિના કિસ્સામાં

(ડ) ખાતાકીય તપાસ પડતર હોવા બાબતેનો કિસ્સો

(ઈ) જે વસાહતોમાં રહેણાંક પ્લોટ ઉપલબ્ધ ન હોય ત્યાં તેવા કિસ્સાઓમાં તા.૧૫/૭/૦૭ ના પરિપત્રમાં દર્શાવ્યા મુજબની ઉપલબ્ધ અન્ય જગ્યાએ ફાળવણીની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

ઉપરોકત બાબતોને આવરી લઈ દરખાસ્ત વડીકચેરીએ મંજુરી અર્થે મોકલવાની રહેશે.